# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૨૬/૨/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ‘યુનિયન બજેટ ૨૦૨૦નું એનાલિસિસ’ વિશે મહત્વનું સેશન યોજાયુ

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ધી સુરત બ્રાન્ચ ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના સંયુકત ઉપક્રમે મંગળવારે, ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સાંજે ૫:૩૦ કલાકે મજુરાગેટ સ્થિત શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળના હોલમાં ‘યુનિયન બજેટ ૨૦૨૦નું એનાલિસિસ’ વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા, નવી દિલ્હીના સીએ ડો. ગિરીશ આહુજાએ ઇન્ડસ્ટ્રીના લોકો તથા પ્રોફેશનલ્સ સમક્ષ યુનિયન બજેટ ૨૦૨૦ વિશે ખૂબ જ સરળ ભાષામાં પોતાના મંતવ્યો રજૂ કરી મહત્વની બાબતો વિશે માહિતી આપી હતી.

ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી શૈલેષ દેસાઇએ આ સેશનમાં સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધન કર્યુ હતુ. ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના સેન્ટ્રલ કાઉન્સીલ મેમ્બર સીએ જય છૈરાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ડો. ગિરીશ આહુજાએ પોતાના વકતવ્યમાં વ્યકિતગત નવા ટેક્ષ સ્લેબના લાભાલાભની સમજણ આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, ભારતમાંથી બિઝનેસ અને પ્રોફેશન કન્ટ્રોલ કરતા હોય તો એવા બિઝનેસમેન અને સેવા આપનારને ભારતમાં ટેક્ષ ભરવો જ પડે. અન્ય કોઇ પરદેશમાં ટેક્ષ ન લાગતો હોય તેવી નોન રેસીડેન્ટ વ્યકિતને

ડીમ્ડ રેસીડેન્ટ ગણી હવે ટેક્ષ વસૂલ કરવામાં આવશે. રેસીડેન્ટ અને ઓર્ડીનરી રેસીડેન્ટને ફોરેન એસેટની વિગત આપવી પડે છે. નોન રેસીડેન્ટને આ વિગત આપવાની જરૂર નથી.

તેમણે ચેરીટેબલ ટ્રસ્ટ વિશે મહત્વની સમજણ આપતા જણાવ્યુ હતુ કે, હવે ચેરીટેબલ ટ્રસ્ટોએ ફ્રેશ રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે. દર પાંચ વર્ષે ટ્રસ્ટોએ રજિસ્ટ્રેશન માટે અરજી કરી યુનિક આઇડી મેળવવાનો રહેશે. ૩૧ ઓગષ્ટ ૨૦૨૦ સુધીમાં અરજી કર્યા બાદ ચેરીટેબલ ટ્રસ્ટોને રજિસ્ટ્રેશન મળી જશે. ત્યારબાદ જો અરજી કરવામાં આવશે તો ટ્રસ્ટોએ બધી વિગત આપવાની રહેશે. તેમણે વધુમાં કહયુ કે પહેલાં ૧૦ (૨૩ સી) અને ૧૨ એએ સર્ટિફિકેટ મળતા હતા પણ હવે કોઇપણ એક જ સર્ટિફિકેટ મળશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે ૮૦જી હેઠળના ડોનેશન માટે ઓનલાઇન સ્ટેટમેન્ટ ફાઇલ કરવાનુ રહેશે. જેમાં ડોનરનું નામ, સરનામુ અને સમય સહિતની વિગત અપલોડ કરવાની રહેશે. જૂના ૮૦જીને દર પાંચ વર્ષે રિન્યુ કરવાનુ રહેશે. પહેલા ઉચ્ચ પગારધોરણવાળી વ્યકિતને પગારના ૧૨ ટકાની લિમિટ સુધી માલિક દ્વારા ચૂકવતા પીએફ કે અન્ય રિટાયર્મેન્ટ બેનીફીટ પર ટેક્ષ લાગતો ન હતો પણ હવે મહત્તમ રૂપિયા ૭.૫૦ લાખની ઉપર ટેક્ષ લાગશે અને તેના વ્યાજ પર પણ ટેક્ષ લાગશે.

ડો. આહુજાએ વધુમાં જણાવ્યુ હતુ કે, ભારતમાંથી જો કોઇ શિક્ષણાર્થે કે એલઆરએસ સ્કીમ હેઠળ અઢી લાખ ડોલર બહાર મોકલશે તો તેને ૫ ટકા ટીસીએસ ભરવાનો રહેશે. આમાં સરકારે સુધારો કરવાની જરૂર છે. આ ઉપરાંત રૂપિયા ૧૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવનાર ઉદ્યોગપતિ તેમજ વેપારીઓને વર્ષ દરમિયાન બાયર્સ પાસેથી રૂપિયા ૫૦ લાખ મળતા હોય તો ૧ ટકા ટીસીએસ ભરવો પડશે. ઇ–કોમર્સ ઓપરેટરને ગુડ્ઝના સપ્લાય ઉપર ૧ ટકા ટીડીએસ આપવાનો રહેશે. ઇ–એસેસમેન્ટ બાદ હવે ઇ–અપીલ આવી જશે.

તેમણે વિવાદ સે વિશ્વાસ સ્કીમનો લાભ લેવાનો અનુરોધ કર્યો હતો. સરકાર ફરીથી આ સ્કીમ અમલમાં લાવશે નહીં. આથી વ્યાજ અને પેનલ્ટી માફ કરીને ટેક્ષની ૩૦ ટકા રકમ ભરીને કેસ દફતરે કરવાનો લાભ લઇ શકાય છે. સર્ચવાળા કેસોમાં પણ હવે લાભની જોગવાઇ છે. ડિપાર્ટમેન્ટ સામે કેસ જીતી જવાય તો ૧૫ ટકા રકમ ભરીને કેસનો નિકાલ કરી શકાય છે.

ચેમ્બરની ટેક્ષેશન એન્ડ ઇકોનોમિક અફેર્સ કમિટીના કો–ચેરમેન શ્રી પ્રજ્ઞેશ જગાશેઠે આખા સેશનનું સંચાલન કર્યુ હતુ. સેશનમાં વકતાશ્રીએ સર્વેના સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. સેશનના અંતે ધી સુરત બ્રાન્ચ ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા રિજનલ કાઉન્સીલ ઓફ ધી ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયાના ચેરમેન સીએ મિહીર ઠકકરે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ સેશનનું સમાપન થયુ હતુ.